

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT — ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર — Mo- 9016924808 — સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-04, ISSUE- 11,(SURAT), DATE-02/09/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૧૧, (સુરત), તા.૦૨/૦૯/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 ભજીયાની મોજ વચ્ચે સ્વચ્છતાની ઐસી તૈસી : કુંભારિયાના લીબુ ગોટાની દુકાનમાં ગંદકીનો વીડિયો વાયરલ, સંચાલકને ૧૦ હજારનો દંડ

3 દહેજ-ભેંસલી માર્ગ પર હોટલોમાં દરોડા:અસ્વચ્છતા, એક્સપાયર ખોરાક મળતા સુધારણા નોટિસ, સીલ મારવાની ચીમકી

4 શ્રી શાંતારામ ભટ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ મોતા ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની જન્મ જયંતિની ઉજવણી


## કામરેજમાં ટોરેન્ટ પાવરની ગેસ પાઇપલાઇન સામે ખેડૂતોનો ઉગ્ર વિરોધ

# જમીન વપરાશી હક મુદ્દે ખેડૂતોએ ૨૦૦ વાંધા અરજીઓ રજૂ કરી; નિકાલ ન થાય ત્યાં સુધી કામ અટકાવવા ચીમકી





કામરેજ- સુરત જિલ્લાના કામરેજમાં ટોરેન્ટ પાવર લિમિટેડની ગેસ પાઇપલાઇન સામે ખેડૂતોનો વિરોધ ઉગ્ર બન્યો છે. ૩૧ ઓગસ્ટના રોજ અસરગ્રસ્ત ખેડૂતોએ કામરેજ ખાતે કંપનીની ઓફિસે પહોંચી ૨૦૦ જેટલી લેખિત વાંધા અરજીઓ રજૂ કરી હતી. ખેડૂતોએ જાહેરનામું રદ કરવા અને જમીનનો વપરાશી હક ન આપવા માંગ કરી કામ અટકાવવાની ચીમકી આપી છે.

સુરત જિલ્લાના કામરેજમાં ટોરેન્ટ પાવર લિમિટેડની ગેસ પાઇપલાઇન સામે ખેડૂતોનો વિરોધ ઉગ્ર બન્યો છે. ૩૧ ઓગસ્ટના રોજ અસરગ્રસ્ત ખેડૂતોએ કામરેજ ખાતે ટોરેન્ટ પાવરના સુજેન મેગા પાવર પ્રોજેક્ટના કાર્યાલયમાં ૨૦૦ જેટલી લેખિત વાંધા અરજીઓ રજૂ કરી હતી. ખેડૂતોએ પોતાની જમીન બચાવવા માટે એકસંપ થઈને કંપની સામે મોરચો માંડ્યો છે. આ પાઇપલાઇન ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના કોલીયાદ ગામથી સુરત જિલ્લાના કામરેજ તાલુકાના અખાખોલ ગામ સુધી નાખવામાં આવનાર છે. તે ભરૂચ, અંકલેશ્વર, હાંસોટ, ઓલપાડ અને કામરેજ તાલુકાના વિવિધ ગામોમાંથી પસાર થવાની હોવાથી અનેક ખેડૂતોની જમીનોને અસર થવાની શક્યતા છે. આ પ્રોજેક્ટથી મોટા પાયે ખેતીની જમીનો સંપાદિત થાય તેમ છે. ખેડૂતોનો આક્ષેપ છે કે ગેસ આધારિત પાવર પ્રોજેક્ટ હાલની પરિસ્થિતિમાં આર્થિક અને વ્યવહારુ નથી. તેઓ દલીલ કરે છે કે સૌર અને પવન ઊર્જાના વિકલ્પો ઉપલબ્ધ હોવા છતાં ગેસ આધારિત પ્રોજેક્ટને આગળ વધારવો યોગ્ય નથી. સોલાર અને વિન્ડ એનર્જી જેવા પર્યાવરણાનુકૂળ વિકલ્પો હોવા છતાં આ પ્રોજેક્ટ લાદવામાં આવી રહ્યો છે.

ખેડૂતોએ જણાવ્યું કે આ પાઇપલાઇનના કારણે ખેતીની જમીન, બાગાયતી પાક અને તેમની આજીવિકા પર ગંભીર અસર થશે. તેમણે એ પણ ધ્યાન દોર્યું કે એક તરફ ટોરેન્ટ પાવર ગ્રીન એનર્જીમાં મોટા પાયે રોકાણ કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ ગેસ આધારિત પ્રોજેક્ટને આગળ વધારવો કંપનીની ગ્રીન એનર્જી નીતિ સાથે સુસંગત નથી.

ખેડૂતો દ્વારા જાહેરનામું રદ કરવા અને જમીનનો વપરાશી હક ન આપવા માંગ કરવામાં આવી છે. તેમણે ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી વાંધાઓનો યોગ્ય અને તટસ્થ નિકાલ નહીં આવે ત્યાં સુધી પાઇપલાઇનનું કામ કરવા દેવામાં નહીં આવે. આ વિરોધ કાર્યક્રમમાં જયેશ પટેલ, રમેશ પટેલ, દર્શન નાયક, એમ.એસ.એચ. શેખ અને બળવંત પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## બિનજરૂરી સોનું ન ખરીદો, વિદેશયાત્રા ટાળો...: ૭.૮ ટકા ગ્રોથ રેટ બાદ PM મોદીની અપીલ, કારણ પણ જણાવ્યું



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઇન્સ્ટાગ્રામ રીલ દ્વારા દેશવાસીઓને ૭.૮% વિકાસ દર હાંસલ કરવા બદલ અભિનંદન પાઠવ્યા. તેમણે વિરોધ પક્ષ પર નિશાન સાધતા કહ્યું કે, કેટલાક લોકો નકારાત્મકતા ફેલાવી રહ્યા છે. પીએમએ બિનજરૂરી વિદેશ પ્રવાસ અને સોનું ખરીદવાનું ટાળવા અપીલ કરી, તેમજ 'વોકલ ફોર લોકલ' અપનાવી 'આત્મનિર્ભર ભારત' બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર રિલ શેર કરીને દેશવાસીઓને ૭.૮% નો વિકાસ દર પ્રાપ્ત કરવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા છે.વડાપ્રધાને દેશવાસીઓની સંકલ્પ શક્તિ અને પુરુષાર્થની પ્રશંસા કરતાં જણાવ્યું કે, 'જ્યારે સમગ્ર વિશ્વ યુદ્ધની સ્થિતિ, વૈશ્વિક સંકટો અને સપ્લાય ચેઈનની સમસ્યાઓથી ઘેરાયેલું છે તથા ૨૦૨૦ ના કોવિડ કાળ પછી પણ સ્થિરતા નથી દેખાઈ રહી, ત્યારે પણ ભારત અત્યંત ઝડપી ગતિએ પ્રગતિ કરી રહ્યું છે.'

પોતાના સંદેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર સીધું નિશાન સાધતા કહ્યું હતું કે દેશમાં જ કેટલાક લોકો નિરાશાના ગર્તમાં ડૂબેલા છે અને તેઓ જુઠ્ઠાણું ફેલાવીને ચારેય તરફ નકારાત્મકતા ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ તમામ પડકારોને પાર કરીને ભારતે ૭.૮% ગ્રોથ રેટ પ્રાપ્ત કર્યો છે. આ ગતિને જાળવી રાખવા અને આગળ વધવા માટે 'આત્મનિર્ભર ભારત' બનવું અત્યંત મહત્ત્વનું છે.

આર્થિક સ્થિરતા અને સ્વદેશીને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાને નાગરિકોને ખાસ આગ્રહ કર્યો હતો. તેમણે જણાવ્યું કે નાગરિકોએ 'વોકલ ફોર લોકલ' નો મંત્ર અપનાવવો જોઈએ. બિનજરૂરી વિદેશ પ્રવાસ કરવાથી બચવું જોઈએ અને જો શક્ય હોય તો વિદેશમાં લગ્ન કરવાનું પણ ટાળવું જોઈએ. આ ઉપરાંત જરૂર ન હોય તો સોનું ન ખરીદવાની પણ તેમણે અપીલ કરી હતી. આપણે જેટલું સ્વદેશી અને આત્મનિર્ભરતા પર ભાર મૂકીશું, તેટલી જ દેશની આર્થિક તાકાત વધશે.

વડાપ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે જ્યારે દેશની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થશે, ત્યારે આપણે આપણી યુવા પેઢીને એક સંપૂર્ણ વિકસિત ભારત સોંપી શકીશું. આપણી નીતિ યોગ્ય છે અને નીયત સાફ છે. ૧૪૦ કરોડ દેશવાસીઓની શક્તિ દેશને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે જનતા અને યુવાનો સુધી સીધો સંદેશ પહોંચાડવા માટે સોશિયલ મીડિયા અને ઇન્સ્ટાગ્રામ રિલનો સક્રિય ઉપયોગ કરી રહ્યા છે.

## ગોવાથી દિલ્હી જતી ઇન્ડિગો ફ્લાઇટનું ટેકઓફ બાદ એન્જિન ફેલ, ગોવામાં ઇમરજન્સી લેન્ડિંગ કરાવાયું



ગોવાથી દિલ્હી જતી ઇન્ડિગોની ફ્લાઇટ 6E 2102 માં ટેકઓફના ગણતરીના સમયમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. મંગળવારે સવારે ૯:૧૬ વાગ્યે ગોવા એરપોર્ટ પરથી ઉડાન ભર્યા બાદ એન્જિનમાં ખામી જણાતા પાયલોટે તાત્કાલિક ATC નો સંપર્ક કર્યો હતો. ૯:૩૦ વાગ્યે મોપા એરપોર્ટ પર 'ફૂલ ઇમરજન્સી' જાહેર કરાઈ હતી. પાયલોટે કુશળતાપૂર્વક વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ કરાવતા મોટી દુર્ઘટના ટળી હતી. હાલ તપાસ ચાલી રહી છે.

ગોવાથી દિલ્હી જઈ રહેલી ઇન્ડિગોની ફ્લાઇટમાં ટેકઓફ કર્યાના ગણતરીની મિનિટોમાં જ ટેકનિકલ ખામી સર્જાતાં વિમાનને મોપા એરપોર્ટ પર પરત ઉતારવાની ફરજ પડી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ઇન્ડિગોની ફ્લાઇટ 6E 2102 એ મંગળવારે સવારે આશરે ૯:૧૬ વાગ્યે ગોવા એરપોર્ટ પરથી દિલ્હી જવા માટે ઉડાન ભરી હતી.

## ૧ સપ્ટેમ્બરથી બદલાઈ ગયા મહત્ત્વના નિયમો: LPG સિલિન્ડર અને કારના ભાવ વધ્યા




૧ સપ્ટેમ્બર મહિનાની શરૂઆત થઈ ગઈ છે. દર મહિનાની શરૂઆત સાથે કેટલાક નવા નિયમો લાગુ પડતા હોય છે. આ વખતે પણ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી દેશમાં અનેક મોટા ફેરફારો અમલી બન્યા છે, જે તમારી રસોઈથી લઈને કારના પ્રવાસ સુધીની તમામ બાબતો પર સીધી અસર પાડશે. સરકારી ઓઇલ કંપનીઓએ ૧ સપ્ટેમ્બરની સવારે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના નવા ભાવ જાહેર કરી દીધા છે. ઉપરાંત, સીએનજી અને પીએનજીના દરમાં પણ વધારો કરવામાં આવ્યો છે. તેની અસર ઓટો અને ટેક્સી ભાડાં પર પણ જોવા મળી રહી છે. આ સિવાય દૂધના ભાવ અને વિદેશ યાત્રા સંબંધિત નિયમોમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે.

૧) કોમર્શિયલ એલપીજી સિલિન્ડર રૂ. ૯.૫૦ મોંઘો થયો

દર મહિનાની પહેલી તારીખની જેમ આ વખતે પણ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી કોમર્શિયલ એલપીજી સિલિન્ડર મોંઘો થઈ ગયો છે. સરકારી ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ ૧૯ સલના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં રૂ. ૯.૫૦ નો વધારો કર્યો છે. આ વધારા બાદ દિલ્હીમાં સિલિન્ડર રૂ. ૨૭૪૭.૫૦નો મળશે.

## પાકિસ્તાનમાં મદરેસાના વિસ્તરણ માટે ૧૨૫ વર્ષ જૂનું હિન્દુ મંદિર તોડી પડાયું! સરકારે કહ્યું- વરસાદથી તૂટી પડ્યું




પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ૧૨૫ વર્ષ જૂનું હિન્દુ મંદિર તોડી પાડવામાં આવ્યું છે. નજીકના મદરેસાના વિસ્તરણ માટે આ ઐતિહાસિક મંદિરને ધ્વસ્ત કરાયું હોવાના આક્ષેપો છે. જોકે, સરકાર ભારે વરસાદથી મંદિર પડ્યું હોવાનો દાવો કરે છે. આ ઘટનાથી લઘુમતી સમુદાય અને માનવાધિકાર કાર્યકરોમાં રોષ ફેલાયો છે. તેમણે નિષ્પક્ષ તપાસ અને મંદિરના પુનઃનિર્માણની માંગ કરી છે.

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ૧૨૫ વર્ષ જૂના એક પ્રાચીન હિન્દુ મંદિરને તોડી પાડવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. અહેવાલો અનુસાર, નજીકમાં આવેલા એક મદરેસાના વિસ્તરણ માટે આ ઐતિહાસિક મંદિરને તોડી પાડવામાં આવ્યું હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ ઘટના સામે આવ્યા બાદ લઘુમતી સમુદાય અને માનવાધિકાર કાર્યકરોમાં ભારે રોષ ફેલાયો છે અને તેમણે આ મામલે નિષ્પક્ષ તપાસ તથા મંદિરના પુનઃનિર્માણની માંગ કરી છે.

મીડિયા રિપોર્ટ મુજબ, પંજાબ પ્રાંતના નારોવાલ જિલ્લાના સિરાજ ગામમાં આવેલું આ આશરે ૧૨૫ વર્ષ જૂનું મંદિર ઓગસ્ટ મહિનામાં તોડી પાડવામાં આવ્યું હતું. સ્થાનિક લઘુમતી સંગઠનો અને રાજકીય પક્ષોના મતે, એક કટ્ટરપંથી સંગઠનના સભ્યોએ મદરેસા માટે જમીન ખાલી કરાવવા મંદિરને નુકસાન પહોંચાડ્યું હતું. ઘટના બાદ મંદિરનો કાટમાળ અને કિંમતી ધાતુની સામગ્રી પણ ત્યાંથી હટાવી દેવામાં આવી હોવાના આરોપો લાગ્યા છે.

બીજી તરફ, પાકિસ્તાન સરકાર અને ઈવેક્યુઇ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ એ મંદિર તોડવાના આરોપોને નકારી કાઢ્યા છે. સરકારી અધિકારીઓએ દાવો કર્યો છે કે, 'આ મંદિર ઘણું જૂનું અને જર્જરિત હોવાથી ભારે વરસાદને કારણે પોતે જ પડી ગયું હતું.










Date- 02/09/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# તાપીના કપુરામાં પાડોશીએ યુવકની હત્યા કરી:સામાન્ય બોલાચાલીમાં હુમલો કરી જીવ લીધો, આરોપી ગણતરીની કલાકોમાં ઝડપાયો



તાપી (વ્યારા)- તાપી જિલ્લાના વ્યારા તાલુકાના કપુરા ગામમાં સામાન્ય બોલાચાલી અને જૂની અદાવતમાં એક યુવકની હત્યા કરવામાં આવી છે. પાડોશીએ જ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી યુવકનો જીવ લીધો હતો. આ ઘટના બાદ પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, કપુરા ગામના શક્તિ શોપિંગ સેન્ટરમાં રહેતા હસમુખભાઈ ચૌહાણ અને તેમના પાડોશી મહેન્દ્રભાઈ અરવિંદભાઈ ચૌધરી વચ્ચે લાંબા સમયથી જૂની અદાવત ચાલતી હતી. આ અદાવતને કારણે બંને વચ્ચે ફરી એકવાર સામાન્ય બાબતે તકરાર અને બોલાચાલી થઈ હતી.

બોલાચાલી ઉગ્ર બનતા ઉશ્કેરાયેલા મહેન્દ્ર ચૌધરીએ આવેશમાં આવી હસમુખભાઈ પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. આરોપીએ હસમુખભાઈના માથાના ભાગે ગંભીર ઘા ઝીંકી દેતા તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. હસમુખભાઈનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ વ્યારા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. મૃતકની પત્નીની ફરિયાદના આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. વ્યારા પોલીસે સઘન તપાસના અંતે ગણતરીના કલાકોમાં જ આરોપી મહેન્દ્રભાઈ અરવિંદભાઈ ચૌધરીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

# વ્યારા વન વિભાગે ઝાંખરી જંગલમાંથી ખેરના લાકડાનો જથ્થો ઝડપ્યો:પેટ્રોલિંગ દરમિયાન ૩૫ નંગ ખેરનું લાકડું જપ્ત કરાયું



**વન વિભાગની ટીમે સ્થળ પરથી અંદાજે ૩૫ નંગ ખેરનું લાકડું જપ્ત કર્યું હતું, જેનું કુલ કદ ૧.૫૧૩ ઘનમીટર થાય છે. આ મામલે વન અધિનિયમ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી**

ઉચ્છલ, તાપી- તાપી જિલ્લાના વ્યારા વન વિભાગે ઝાંખરી જંગલ વિસ્તારમાંથી ખેરના લાકડાનો ગેરકાયદે જથ્થો ઝડપી પાડ્યો છે. વ્યારા રેન્જ હેઠળ આવતા આ વિસ્તારમાં વન વિભાગ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

વન વિભાગના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ગત ૨૭ ઓગસ્ટના રોજ ઝાંખરી રાઉન્ડનો સ્ટાફ જંગલ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. પેટ્રોલિંગ દરમિયાન, ચીચબરડી બીટ કંપાર્ટમેન્ટ નં. ૨૮૯માં ખેરના વૃક્ષોનું ગેરકાયદે કટીંગ કરાયાના તાજા થડના અવશેષો જોવા મળ્યા હતા. સ્ટાફે આ અંગે તુરંત જ વ્યારાના રેન્જ ફોરેસ્ટ ઓફિસર ને જાણ કરી હતી.

માહિતી મળતા જ વન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે બે વિશેષ તપાસ ટીમોની રચના કરવામાં આવી હતી. આ ટીમો દ્વારા આસપાસના સમગ્ર જંગલ વિસ્તારમાં સઘન સર્ચ ઓપરેશન શરૂ કરાયું હતું. આશરે પાંચથી છ કલાકની જહેમત બાદ, સાંજે લગભગ ૫:૩૦ કલાકે વાવેતર પ્લોટની બોર્ડર ફ્રેન્ચ અને આસપાસની ઝાડીઓમાં સંતાડેલો ખેરના છોલેલા લાકડાનો જથ્થો મળી આવ્યો હતો.

વન વિભાગની ટીમે સ્થળ પરથી અંદાજે ૩૫ નંગ ખેરનું લાકડું જપ્ત કર્યું હતું, જેનું કુલ કદ ૧.૫૧૩ ઘનમીટર થાય છે. આ મામલે વન અધિનિયમ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જપ્ત કરાયેલો મુદ્દામાલ હાલ સરકારી ડેપો, ડોલવણ ખાતે સુરક્ષિત રીતે જમા કરાવવામાં આવ્યો છે.

## શહેરમાં હોટફિક્સ વેસ્ટ મુદ્દે મોટો વિવાદ

# ૨૪ કલાકમાં 3 સ્થળે શંકાસ્પદ આગ લાગતા રહીશોમાં રોષ, મોપેડ-બે કાર બળીને ખાખ



સુરત-સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી હોટફિક્સ મશીનનો કચરો સુરત મહાનગરપાલિકા માટે મોટો માથાનો દુખાવો બન્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં પુણા, કાપોદ્રા અને જગદીશનગર એમ ત્રણ અલગ-અલગ જગ્યા પર હોટફિક્સના વેસ્ટેજમાં શંકાસ્પદ રીતે ભીષણ આગ લાગવાની ઘટનાઓ સામે આવી છે. આ આગના કારણે આસપાસના રહીશોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. કચરાનો નિયમિત નિકાલ ન થતો હોવાના મુદ્દે સ્થાનિક લોકો લડી લેવાના મૂડમાં આવી ગયા હતા અને સ્થળ પર પહોંચેલા પાલિકાના અધિકારીઓનો ઉગ્ર ઘેરાવો કરી આડા હાથે લીધા હતા. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે કચરાના નિકાલના ટેન્ડર માટે જાણીજોઈને ગંદુ રાજકારણ રમવામાં આવી રહ્યું છે.

કાપોદ્રાના હીરાબાગ સ્થિત રામનગર સોસાયટી નજીક બ્રિજ નીચે મોડી રાત્રે હોટફિક્સ વેસ્ટેજના ઢગલામાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ ઉપરાંત જગદીશનગરમાં બગીચા પાસે અને પુણા અંજની ખાડી બ્રિજ પર પણ હોટફિક્સના ઢગલામાં ભીષણ આગ લાગી હતી. જોતજોતામાં ત્રણેય આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આકાશમાં ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. કાપોદ્રાની આગમાં બ્રિજ નીચે પડેલું બિનવારસી એક્ટિવા, જગદીશનગરમાં બે એક્ટિવા તેમજ પુણા ખાડી પાસે એક ઈકો અને એક એસન્ટ કાર બળીને ખાખ થઈ ગઈ હતી.

શહેરમાં ઠેર-ઠેર જમા થયેલા કચરામાં અવારનવાર આગ લાગવાની ઘટનાઓ સામે આવતી હોવા છતાં પાલિકા તંત્ર દ્વારા કચરો ઉપાડવામાં ન આવતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો હતો.

# નિઝરની એકલવ્ય સ્કૂલમાં પોલીસનો જાગૃતિ કાર્યક્રમ:નવા કાયદા, સાયબર ક્રાઇમ અને ટ્રાફિક નિયમો પર માર્ગદર્શન અપાયું




તાપી (વ્યારા)-નિઝર પોલીસ સ્ટેશન દ્વારા એકલવ્ય મોડેલ સ્કૂલ, નિઝર ખાતે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને નાગરિકોમાં કાયદાકીય જાગૃતિ વધારવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફને નવા કાયદા, ડિજિટલ સુરક્ષા અને રોડ સેફ્ટી અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું.

કાર્યક્રમ દરમિયાન, પોલીસ ટીમે દેશમાં અમલમાં આવેલા નવા કાયદાકીય માળખા વિશે સરળ ભાષામાં સમજૂતી આપી હતી. વિદ્યાર્થીઓને નાગરિકોના અધિકારો અને ફરજો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

સાયબર ક્રાઇમ સામે સુરક્ષા અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા ફ્રોડ, ઓનલાઇન નાણાકીય છેતરપિંડી અને અજાણી લિંક્સથી સાવચેત રહેવા સૂચનો અપાયા હતા. સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અને તેના પોર્ટલના ઉપયોગ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. ટ્રાફિક નિયમોના પાલનનું મહત્વ સમજાવતા, માર્ગ અકસ્માતો નિવારવા હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ, ટ્રાફિક સિગ્નલનુંપાલન તેમજ સગીર વયે વાહન ન ચલાવવા અંગે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં નિઝર પોલીસ સ્ટાફ, એકલવ્ય મોડેલ સ્કૂલના આચાર્ય, શિક્ષકગણ, શાળા પરિવાર અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે, શાળા પરિવારે પોલીસ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભજીયાની મોજ વચ્ચે સ્વચ્છતાની ઐસી તૈસી : કુંભારિયાના લીંબુ ગોટાની દુકાનમાં ગંદકીનો વીડિયો વાયરલ, સંચાલકને ૧૦ હજારનો દંડ



**દુકાન અને આસપાસના વિસ્તારમાં સ્વચ્છતાના અભાવ અંગેનો વીડિયો વાયરલ થતાં ખાણી-પીણીની ગુણવત્તા અને સ્વચ્છતા સામે પણ સવાલો ઊઠ્યા**

સુરતના કુંભારિયા ગામમાં લીંબુ ગોટાની દુકાનમાં ગંદકી અને સાફ-સફાઈના અભાવનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો હતો. વાયરલ વીડિયોના આધારે લિંબાયત ઝોનના આરોગ્ય વિભાગની ટીમે આજે સવારે સ્થળ પર તપાસ હાથ ધરી હતી. દુકાન તથા આસપાસ ગંદકી જણાતાં સંચાલકને ૧૦ હજારનો દંડ ફટકારી નોટિસ આપવામાં આવી હતી. સાથે જ નિયમિત સાફ-સફાઈ જાળવવા અને કારીગરોને હાથમોજાં સહિતના સ્વચ્છતાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરવામાં આવી હતી.

કુંભારિયા મેઈન રોડ પર ગણપત કાકાના ગોટાના નામે વેચાતા લીંબુ ગોટા ખાવા માટે સવારથી જ મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટતા હોય છે. દરરોજ સેંકડો લોકો જ્યાં ખાણી-પીણીની વસ્તુઓનો સ્વાદ માણતા હોય છે, ત્યાં દુકાન અને આસપાસના વિસ્તારમાં સ્વચ્છતાના અભાવ અંગેનો વીડિયો વાયરલ થતાં ખાણી-પીણીની ગુણવત્તા અને સ્વચ્છતા સામે પણ સવાલો ઊઠ્યા હતા. વીડિયોમાં ગંદકીની સ્થિતિ સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર પણ સંચાલકોની બેદરકારી સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ મામલે આરોગ્ય વિભાગની ટીમે આજે સવારે સ્થળ પર પહોંચી તપાસ કરતાં દુકાન તથા આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા અંગે સંચાલકને કડક તાકીદ કરી હતી. ખાણી-પીણીના વ્યવસાયમાં નિયમિત સાફ-સફાઈ રાખવા ઉપરાંત કારીગરો દ્વારા હાથમોજાં સહિતના જરૂરી સ્વચ્છતાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે માટે પણ સૂચના આપવામાં આવી હતી. દુકાન સંચાલકને માત્ર તાત્કાલિક સફાઈ નહીં, પરંતુ નિયમિત રીતે સ્વચ્છતા જાળવવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી.

વાયરલ થયેલા વીડિયોના આધારે પાલિકાના આરોગ્ય વિભાગે સંચાલક સામે દંડાત્મક કાર્યવાહી પણ કરી હતી. ગણપત કાકાના ગોટાના સંચાલકને રૂ.૧૦ હજારનો દંડ ફટકારવાની સાથે નોટિસ આપવામાં આવી છે. ખાણી-પીણીની દુકાનોમાં સ્વચ્છતા જાળવવામાં બેદરકારી સામે પાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવતાં અન્ય ખાણી-પીણીના એકમોમાં પણ સ્વચ્છતા અંગે તંત્રની તાકિદનો સંદેશ પહોંચ્યો છે.

# સુરતમાં ધો-૮ ના વિદ્યાર્થીનો આપઘાત

## મસ્તી કરતા ભાઈ-બહેનને માતાએ ટોકતા ૧૩ વર્ષના સગીરને માઠું લાગતા ગળેફાંસો ખાધો



**માસૂમ પુત્રના આ અંતિમ પગલાથી સમગ્ર પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.**

સુરત- સુરતના ભેસાણ ગામમાં રહેતા અને મોરાભાગળ સ્થિત સ્વામિનારાયણ સ્કૂલમાં ધોરણ ૮માં અભ્યાસ કરતા ૧૩ વર્ષીય કિશોરે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું છે. ઘરમાં ભાઈ-બહેન વચ્ચે સામાન્ય મસ્તી અને ઝઘડો થતાં માતાએ બંનેને ઠપકો આપ્યો હતો. જે બાદ માતા પોતાના પાન કાર્ડ અને આધાર કાર્ડનું કામ પતાવીને ૧૫થી ૨૦ મિનિટમાં ઘરે પરત ફરી ત્યારે પુત્રને ફાંસો ખાધેલી હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગઈ હતી. માસૂમ પુત્રના આ અંતિમ પગલાથી સમગ્રપરિવારમાંભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

'છોકરાઓને ફોનથી દૂર રાખજો' ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતાં મૃતક કિશોરના સંબંધી રાકેશભાઈએ જણાવ્યું હતું કે, નોર્મલી ઘરમાં બંને ભાઈ-બહેન થોડો ઝઘડો કરતા હતા, એટલે બેને ઠપકો આપ્યો હતો. મારી બેન આધાર કાર્ડ-પાન કાર્ડ સુધારવા આપ્યું હતું તે લેવા ગઈ અને પરત આવી ત્યાં છોકરાએ ગળે ફાંસો ખાઈ લીધો હતો. હું બધા મા-બાપને મેસેજ આપવા માંગું છું કે તમારા છોકરાઓને ફોનથી દૂર રાખો અને સાચવો, બસ. આપઘાતની ઘટનાઓએ સભ્ય સમાજને ફરી એકવાર વિચારવા મજબૂર કરી દીધો છે. ત્યારે દિવ્ય ભાસ્કરે મનોચિકિત્સક બિમલ તમાકુવાલા સાથે અગાઉ વાતચીત કરી હતી. તો આવો... જાણીએ આપઘાતની ઘટનાઓ વિશે શું તારણ આપ્યા હતા.વાંચો સંપૂર્ણ સમાચાર

૨ જુલાઈ, ૨૦૨૬ ના દિવસે મહેસાણામાં સોમનાથ રોડ પર શિવકૃપા સોસાયટીમાં રહેતી અને ધોરણ ૭માં અભ્યાસ કરતી ચાર્મી પરમારે છઠ્ઠા માળેથી મોતની છલાંગ લગાવીને પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતુ કે, મૃતક વિદ્યાર્થિની ઘરેથી ચા-નાસ્તો કરી સ્કૂલે જવા નીકળી હતી તે દરમિયાન આ ઘટના બની હતી.

# સુરતમાં પાણીજન્ય-મચ્છરજન્ય રોગચાળો વકર્યો, હોસ્પિટલોમાં દર્દીઓની લાંબી કતારો



સુરત-સુરતમાં વરસાદ પછીના માહોલ વચ્ચે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં તાવ, ડેન્ગ્યુ, મેલેરિયા, ઝાડા-ઉલટી અને ટાઈફોડના કેસોમાં ચિંતાજનક ઉછાળો જોવા મળી રહ્યો છે. શહેરની બંને મુખ્ય સરકારી હોસ્પિટલો નવી સિવિલ અને સ્મીમેર ખાતે દર્દીઓની લાંબી લાઈનો લાગી રહી છે. સરકારી સાથે ખાનગી હોસ્પિટલો અને ક્લિનિકોમાં પણ મોસમી બીમારીના દર્દીઓનો ધસારો વધતાં તંત્ર દોડતું થઈ ગયું છે.

ઓગસ્ટ મહિના દરમિયાન નવી સિવિલ અને સ્મીમેર હોસ્પિટલમાં જ ૫ મુખ્ય બીમારીઓના કુલ ૨૩૩૦ દર્દીઓ સારવાર માટે પહોંચ્યા હતા. જેમાં સૌથી વધુ તાવના ૧૬૦૦ કેસ નોંધાયા છે, જ્યારે મેલેરિયાના ૩૮૪ અને ઝાડા-ઉલટીના ૧૪૩ કેસ સામે આવ્યા છે. ડેન્ગ્યુના ૧૦૦ અને ટાઈફોઈડના ૧૦૩ દર્દીઓએ હોસ્પિટલમાં સારવાર લીધી છે.

વરસાદી ઋતુ બાદ ઠેર-ઠેર ભરાતા પાણી અને ગંદકીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. તંત્ર દ્વારા યોગ્ય સમયે દવાનો છંટકાવ કે ફોગિંગ ન કરાતું હોવાના આક્ષેપો ઊઠ્યા છે. દૂષિત પાણી અને મચ્છરોના કારણે એક જ મહિનામાં ૨૩૦૦થી વધુ લોકો બીમારીની ઝપેટમાં આવતા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની પ્રી-મોન્સૂન અને રોગચાળા નિયંત્રણ કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

# ભાવનગર લઠ્ઠાકાંડમાં મોટો ધડાકો: મુખ્ય આરોપી સાથે કનેક્શન ખુલતાં ASP સ્ક્વોડના કોન્સ્ટેબલની ધરપકડ!

ભાવનગર લઠ્ઠાકાંડમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ તપાસ દરમિયાન ભાવનગર ગ્રામ્ય ડિવિઝનની ASP સ્ક્વોડમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ગજુભા ગોહિલની લઠ્ઠાકાંડના મુખ્ય આરોપી સાથે વાતચીત થયાનું સામે સામે આવતાં જખઈએ તેની ધરપકડ કરી હતી. નોંધનીય છે આ મામલે પાંચ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે.

મળતી માહિતી અનુસાર, લઠ્ઠાકાંડની સમગ્ર તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા કરવામાં આવી રહી છે. આ કેસમાં અત્યાર સુધીમાં મુખ્ય સૂત્રધાર ગૌતમ સોલંકી સહિત ૩૮ આરોપીઓની ધરપકડ કરી



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### દુનિયાભરમાં યૂથ સ્કિલનો અભાવ : પાકા ઘડે કાંઠા ચડતા નથી!

આ ગુજરાતી કહેવતનો અર્થ બહુ સમજવા જેવો છે અને બહુ જ પ્રચલિત પણ છે. ઘડો જ્યારે નીભાડામાં પાકતો હોય ત્યારે જ એના કાંઠા બનાવી દેવા પડે છે. એક વખત ઘડો ભઠ્ઠીમાં પાકી જાય પછી છેલ્લી ઘડીએ યાદ આવે કે ઘડાનું મોઢું ચોક્કસ આકારનું બનાવવાનું રહી ગયું, તો પછી એ ન બને. માટલું બની ગયા પછી એના પર કાંઠો અલગથી ચડાવી શકાય નહીં. એ કામ ઘડો કાચો હોય ત્યારે થાય તો થાય, ન થાય તો પછી કાંઠા વગર ચલાવી લેવું પડે! આપણી ભાષામાં આ કહેવત ઘડા માટે નથી વપરાતી. સ્કિલ, આવડત, કૌશલ્ય માટે વપરાય છે. આપણે કાન સરવા ને નજર તેજ રાખીએ તો આ કહેવત ક્યાંક સાંભળવા-વાંચવા મળી જાય. અમુક વડીલો ટેક્નોલોજીનું કંઈક નવું શીખવાડીએ ત્યારે બહુ હળવાશથી કહે છેઃ અમે તો ખર્યું પાન કહેવાઈએ, અમને નવું ન આવડે. પાકા ઘડે થોડાં કાંઠા ચડે? ઘણાં પેરેન્ટ્સ ૨૦-૨૫ વર્ષના દીકરા-દીકરીને આ ટોન્ટ મારતા હોય છે. ઘણી વખત આ કહેવતનો ઉપયોગ ન થયો હોય ને વાત બીજી રીતે કહેવાઈ હોય તો પણ એનો અર્થ તો આ જ નીકળતો હોય છે : પાકા ઘડે કાંઠા ન ચડે.

આ જ કહેવત દુનિયાના કરોડો યુવાઓને લાગુ પડે છે. કિશોરવયમાં શીખવાની ઉંમરે જરૂરી સ્કિલ/કુશળતા શીખી નહીં એટલે મોટી ઉંમરે એવું કોઈ કામ આવડે નહીં કે જેમાંથી રોજગારી મળે. ઘણાં તક હોવા છતાં શીખ્યા નહીં, તો ઘણાંને શીખવું હતું, પણ તક મળી નહીં. સમય રહેતાં જેણે સ્કિલ વિકસાવી લીધી હોય એના માટે બેરોજગારીનો પ્રશ્ન એટલો મોટો રહેતો નથી. માન્યું, પૂરતી આવડત, ડિગ્રી હોવા છતાં ઘણાંને ક્ષમતા પ્રમાણેની નોકરી મળતી નથી, પરંતુ સ્કિલ પર ભાર મૂક્યો હોય એ લોકો તક તો ગમે તે રીતે સર્જી લેશે.

પણ આજે દુનિયામાં કરોડો યુવાનો એવા છે જેની પાસે ડિગ્રી છે, એનર્જી છે, સમય છે, શરીર સાથ આપે છે - પણ સ્કિલ નથી. સ્કિલ નથી એટલે નોકરી નથી. નોકરી નથી એટલે ક્વોલિટી લાઈફ નથી.

વિશ્વની વસતિ ૮૦૦ કરોડ છે. એમાંથી ૩૪૦ કરોડ લોકો નોકરી કરે છે ને હજુ દુનિયામાં ૭૩ કરોડ યુવાનો નિહાયત બેરોજગાર છે. આ કરોડો બેરોજગાર યુવાનોમાંથી ઘણાં બેરોજગારી ભથ્થાં પર નભે છે, ઘણાંનું પરિવાર પૂરું કરે છે. ઘણાં સંસ્થાઓની સહાયથી દિવસો કાઢી રહ્યા છે. આ યુવાનોને નોકરી ન મળવાનું સૌથી મોટું કારણ છે - આવડતનો અભાવ. આજની તારીખે દુનિયામાં ૨૮ કરોડ યુવાનો એવા છે જેમની પાસે કોઈ જ સ્કિલ નથી. અણઆવડત એ જ તેમની સૌથી મોટી ઓળખ છે. એમાંથી ઘણાં પાસે ડિગ્રીઓ છે, પણ ડિગ્રીઓ મેળવવા છતાં આટલા યુવક-યુવતીઓ પાસે આવડત નથી.

સરકારો તક સર્જતી નથી, ખાનગી કંપનીઓ નોકરીઓ આપવામાં ભેદભાવ કરે છે - એ બધા કારણો ને તર્કો થોડીવાર બાજુમાં મૂકીને વિચારીએ તો ખ્યાલ આવે કે જેનામાં કંઈ કરતાં કંઈ કરી શકવાની આવડત છે જ નહીં એને કોઈ શું કામ નોકરી આપે? નોકરી આપીને કામ શું કરાવે? કામ કરી દેશે તો એમાં કેટલી ભલીવાર હશે?

આ યુવાનો પાસે જો યોગ્ય આવડત હોત તો એ જગતના અર્થતંત્રમાં અસરકારક પ્રદાન કરી શક્તા હોત. તેમની, તેમના પરિવારની અને તેમના દેશની આર્થિક સ્થિતિ સુધારવા માટે સ્કિલે મોટો ફાળો આપ્યો હોત. જો તેમની એનર્જીનો ઉપયોગ થાય તો મોટું પરિવર્તન આવી શકે એ વિચાર સાથે સંયુક્ત રાષ્ટ્રસંઘે ૨૦૧૪માં પહેલી વખત ૧૫મી જુલાઈએ વર્લ્ડ યૂથ સ્કિલ્સ ડે ઉજવ્યો હતો. ત્યારથી યુવાનોમાં કૌશલ્ય વિકસાવવાની અવેરનેસ આવે તે હેતુથી દુનિયાભરમાં દર વર્ષે ૧૫મી જુલાઈએ આ દિવસ સેલિબ્રેટ કરવામાં આવે છે. આ વર્ષની થીમ છે - શાંતિ અને વિકાસ માટે યુવા કૌશલ્ય.

૧૦-૧૦ વર્ષથી યુવાનોમાં સ્કિલ ડેવલપમેન્ટની અવેરનેસનું કામ થઈ રહ્યું છે છતાં હજુય કરોડો યુવાનો એકાદ આવડત વિકસાવવાની મહેનત કરતા નથી. એશિયા-આફ્રિકાના યુવાનો આળસમાં કશું શીખતા નથી એવી વ્યાપક માન્યતા છે. એ કેટલાંક અંશે સાચું હોવા છતાં એ જ સાચું નથી. અમેરિકા-યુરોપમાં પણ કરોડો યુવાનો સ્કિલ ડેવલપ કરવામાં બેદરકાર છે. સરકારી બેરોજગારી ભથ્થું મેળવીને ખુશ રહે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

# દહેજ-ભેસલી માર્ગ પર હોટલોમાં દરોડાઃઅસ્વચ્છતા, એક્સપાયર ખોરાક મળતા સુધારણા નોટિસ, સીલ મારવાની ચીમકી





વાગરા, ભરૂચ-વાગરા તાલુકાના દહેજ-ભેસલી માર્ગ પર આવેલી હોટલો, ધાબાઓ અને રેસ્ટોરન્ટ્સમાં વહીવટી તંત્ર દ્વારા અચાનક તપાસ હાથ ધરવામાં આવી હતી. મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પોલીસ ઈન્સ્પેક્ટર અને ફૂડ સેફ્ટી વિભાગની સંયુક્ત ટીમે આ કાર્યવાહી કરી હતી. આ ઓપરેશન પીક અવર્સ દરમિયાન કોઈ પણ પૂર્વ સૂચના વિના હાથ ધરવામાં આવ્યું હતું.

અધિકારીઓએ કિચન અને સ્ટોરેજ એરિયાની તપાસ કરી હતી, જેમાં રોજિંદી સ્વચ્છતા, તાપમાન નિયંત્રણ અને કાચા તેમજ રાંધેલા ખોરાકની જાળવણીમાં ખામીઓ જોવા મળી હતી. ચેકિંગ દરમિયાન ક્રોસ-કન્ટેમિનેશન, સ્ટાફની વ્યક્તિગત સ્વચ્છતા અને પેસ્ટ-કંટ્રોલ જેવા મુદ્દાઓની ચકાસણી કરવામાં આવી હતી. તપાસમાં માનવ શરીર માટે હાનિકારક અને એક્સપાયર થઈ ગયેલી ખાદ્ય સામગ્રીનો જથ્થો મળી આવ્યો હતો. અધિકારીઓએ સ્થળ પર જ જપ્ત કરેલી એક્સપાયર ખાદ્ય સામગ્રીનો નાશ કર્યો હતો.

FSSAI લાયસન્સ, તાપમાન રજિસ્ટર અને પેસ્ટ-કંટ્રોલ દસ્તાવેજોમાં ગેરરીતિ ધરાવતા હોટલ એકમોને સુધારણા નોટિસ ફટકારવામાં આવી છે. વહીવટી તંત્રએ સ્પષ્ટ જણાવ્યું છે કે જાહેર આરોગ્ય સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. જો નિર્ધારિત સમયમાં ખામીઓ સુધારીને ઉચ્ચ ધોરણો જાળવવામાં નહીં આવે, તો સીધા જ સીલ મારી કામગીરી બંધ કરાવવા સહિતની કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

## ઓલપાડમાં ધમકીના મામલે બે પક્ષો વચ્ચે મારામારીઃગાળાગાળી, લાતો અને ધક્કામૂકી; પોલીસ ફરિયાદ નોંધાઈ



**આ ઘટના બાદ ભેસાણ ગામના મનોજ રતનજી આહીરના પુત્ર મિતે જીજ્ઞેશને ફોન પર માર મારવાની ધમકી આપી હતી.**

ઓલપાડ-સુરત જિલ્લાના ઓલપાડમાં બે પક્ષો વચ્ચે મારામારી અને ધમકીનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. આ ઘટનામાં બંને પક્ષોએ એકબીજા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

નવાપરા મહોલ્લામાં રહેતા ૨૯ વર્ષીય જીજ્ઞેશ પરષોત્તમભાઈ પટેલના જણાવ્યા અનુસાર, ગામમાં રહેતા પ્રવિણ ગોવન આહીરે તેમની સાથે ગાળાગાળી કરી લાત અને ધક્કો માર્યો હતો. આ ઘટના બાદ ભેંસાણ ગામના મનોજ રતનજી આહીરના પુત્ર મિતે જીજ્ઞેશને ફોન પર માર મારવાની ધમકી આપી હતી.

આ ધમકી બાદ પ્રવિણ આહીર, તેના પિતા ગોવનભાઈ આહીર, મનોજ રતનજી આહીર અને તેનો પુત્ર મિત જીજ્ઞેશના ઘરે પહોંચ્યા હતા. ત્યાં તેમણે જીજ્ઞેશને 'તે મારી માંને શા માટે મારી?' કહી લાકડાના ફટકા માર્યા અને ફરાર થઈ ગયા હતા. જીજ્ઞેશ પટેલની ફરિયાદના આધારે પોલીસે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ, આરોપી પક્ષના જશુબેન ગોવનભાઈ આહીરે પણ જીજ્ઞેશ પટેલ વિરુદ્ધ પોલીસમાં અરજી આપી છે. જશુબેનનો આક્ષેપ છે કે, તેઓ સવારે ખેતરે ગયા હતા ત્યારે જીજ્ઞેશે તેમને ખેતરમાં પાણી નહીં જવા દેવા બદલ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને માર મારીને ફરાર થઈ ગયો હતો. હાલ આ સમગ્ર મામલે બંને પક્ષના આક્ષેપો સામે આવ્યા છે અને ઓલપાડ પોલીસે ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

## 'સુરતમાં પાણી નથી મળતું પણ નશો ગલીએ-ગલીએ મળે છે'

## દારૂ, ડ્રગ્સ અને ખાડીપૂર મુદ્દે કોંગ્રેસ લાલઘૂમ, અમિત ચાવડાએ ગૃહમંત્રી હર્ષ સંઘવીનું રાજીનામું માંગ્યું



સુરત- સુરત શહેરમાં ખુલ્લેઆમ વેચાતા ગેરકાયદે દારૂ અને ડ્રગ્સના દૂષણ તેમજ તાજેતરમાં ખાડીપૂરથી સર્જાયેલી ભારે તારાજીના મામલે કોંગ્રેસ પક્ષે રાજ્ય સરકાર સામે આક્રમક મોરચો ખોલ્યો છે. ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ સુરતની મુલાકાત દરમિયાન રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને શાસક પક્ષ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સીધો આરોપ મૂક્યો હતો કે, ગૃહમંત્રી પોતાના જ હોમટાઉનમાં સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં સાવ નિષ્ફળ સાબિત થયા છે, જેથી તેમણે નૈતિક જવાબદારી સ્વીકારીને તાત્કાલિક અસરથી ગૃહમંત્રી પદેથી રાજીનામું આપી દેવું જોઈએ.

સુરતમાં યોજાયેલી પક્ષની મહત્વપૂર્ણ કારોબારી બેઠક અને સ્થાનિક અસરગ્રસ્ત નાગરિકો સાથે સંવાદ સાધ્યા બાદ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, આજે ઔદ્યોગિક શહેર સુરત દેશભરમાં ક્રાઇમ સિટી તરીકે કુખ્યાત થઈ રહ્યું છે. ભાવનગરમાં સર્જાયેલા ગંભીર લઠ્ઠાકાંડ છતાં રાજ્યનું પોલીસ અને વહીવટી તંત્ર જરાય સજાગ બન્યું નથી. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ગેરકાયદે દારૂ અને સિન્થેટિક ડ્રગ્સનું વેચાણ સુરતમાં થઈ રહ્યું છે, જાણે અહીં પણ કોઈ મોટી જાનહાનિ થાય તેની રાહ જોવાઈ રહી હોય તેવી દયનીય સ્થિતિ છે.

શહેરમાં સામાન્ય પ્રજાને પીવાનું શુદ્ધ પાણી મળવું મુશ્કેલ છે પરંતુ નશીલા પદાર્થો આસાનીથી ઉપલબ્ધ થઈ રહ્યા છે, કારણ કે તંત્ર માત્ર હપ્તાખોરી કરવામાં વ્યસ્ત છે.

## ચાર યુવક ભાગી જતાં વોન્ટેડ જાહેર કરાયાઃતડકેશ્વરમાં જુગારધામ પરથી ચાર ઈસમો રૂ. ૧.૧૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા



માંડવી-અરેઠ તાલુકાના તડકેશ્વર ગામની સીમમાં સ્મશાન પાસે ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર પોલીસે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં પોલીસે ૪ જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય ૪ જુગારીઓ પોલીસને જોઈને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી રોકડા રૂપિયા, ૫ મોબાઈલ ફોન અને ૨ મોટરસાયકલ સહિત કુલ રૂપિયા ૧,૧૧,૩૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

તડકેશ્વર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મી જયભાઈ દિનેશભાઈ ભાડકા અને અન્ય પોલીસ સ્ટાફ ૩૦ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન તેમને ખાનગી રાહે બાતમી મળી હતી કે તડકેશ્વર ગામની સીમમાં સ્મશાન પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગંજીપાના વડે તીનપત્તીનો પૈસાથી હારજીતનો જુગાર રમી રહ્યા છે.

આ ચોક્કસ માહિતીના આધારે પી.એસ.આઇ એ.કે. ઠાકોરના માર્ગદર્શન હેઠળ પોલીસે બે પંચોને સાથે રાખીને બાતમીવાળી જગ્યાએ અચાનક છાપો માર્યો હતો. દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી સિદ્દીક ઈકબાલ મન્સુર, અહમદ હનીફ મન્સુર, અલ્પેશભાઈ જગદિશભાઈ પટેલ અને નવિનભાઈ ચિમનભાઈ પટેલ (તમામ રહે. તડકેશ્વર, તા. અરેઠ) ને જુગાર રમતા પકડી પાડ્યા હતા.

પોલીસની તપાસમાં દાવ પરના રોકડા રૂપિયા ૪,૩૦૦ અને અંગઝડતીમાંથી મળેલા રોકડા રૂપિયા ૭,૦૦૦ મળીને કુલ રૂ. ૧૧,૩૦૦ રોકડા કબજે કરાયા હતા.

આ ઉપરાંત અલગ-અલગ કંપનીના ૫ મોબાઈલ ફોન જેની કિંમત રૂ. ૨૫,૦૦૦ આંકવામાં આવી છે, તેમજ એક કાળા કલરની હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ અને એક લાલ કલરની હીરો હોન્ડા પેશન પ્લસ મોટરસાયકલ મળીને કુલ રૂ. ૧,૧૧,૩૦૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

પોલીસની રેડ જોઈને ઘટનાસ્થળેથી મણીલાલ ઉર્ફે છનાભાઈ પટેલ, અર્જુન વસાવા, સુનીલ વસાવા અને ઝાકીર મેહતર (તમામ રહે. તડકેશ્વર) નાસી છૂટ્યા હતા.

પોલીસે આ ચારેય ફરાર આરોપીઓને ગુનાના કામે વોન્ટેડ જાહેર કર્યા છે. આ સમગ્ર મામલે તડકેશ્વર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે અને આગળની વધુ તપાસ પોલીસ સબ ઇન્સપેક્ટર અજયકુમાર કનુજી ઠાકોર ચલાવી રહ્યા છે.

## ગ્રામ્ય એલ.સી.બી.નો સપાટો, ડ્રાઇવરને એક ફેરાના રૂ. ૩ હજારની લાલચ

# પલસાણા હાઈવે પર રૂ. ૯.૧૭ લાખના વિદેશી દારૂ અને ટેમ્પો સાથે એક ઝડપાયો





બારડોલી- સુરત ગ્રામ્ય પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પલસાણા વિસ્તારમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નંબર ૪૮ પર બાતમીના આધારે વોચ ગોઠવી એક ટાટા એસીઈ ટેમ્પામાંથી રૂ. ૪,૦૭,૨૩૨ ની કિંમતનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસે દારૂ, ટેમ્પો અને મોબાઈલ મળી કુલ રૂ. ૯,૧૭,૨૩૨ નો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે દારૂ ભરાવનાર અન્ય એક ઈસમને વોન્ટેડ જાહેર કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુરત ગ્રામ્ય એલ.સી.બી.ના પોલીસ જવાનો નાઈટ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન તેમને ચોક્કસ બાતમી મળી હતી કે દમણ તરફથી એક ટાટા એસીઈ ટેમ્પો (નંબર- ઉં-૦૫-ઈઝ-૮૧૭૯) વિદેશી દારૂનો જથ્થો ભરીને નવસારી અને પલસાણા થઈને સુરત તરફ જઈ રહ્યો છે.

આ બાતમીના આધારે પોલીસે પલસાણા ગામની સીમમાં હિમાલય હોટલ સામે વોચ ગોઠવી હતી. બાતમી વાળો ટેમ્પો આવતા પોલીસે તેને અટકાવી તપાસ કરી હતી. ડ્રાઇવરે શરૂઆતમાં પરચુરણ સામાન હોવાનો ઉડાઉ જવાબ આપ્યો હતો, પરંતુ કડકાઈથી પૂછપરછ કરતા તેણે વિદેશી દારૂ ભરેલ હોવાની કબૂલાત કરી હતી.

પોલીસે ટેમ્પાની પાછળના ભાગે મારેલ તાળું ખોલાવી તપાસ કરતા અંદરથી અલગ-અલગ બ્રાન્ડની વ્હીસ્કી અને બીયરની કુલ ૨૫૯૨ બોટલોના બોક્ષ મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૪,૦૭,૨૩૨ નો દારૂ, રૂ. ૫,૦૦,૦૦૦ ની કિંમતનો ટાટા એસીઈ ટેમ્પો અને રૂ. ૧૦,૦૦૫ નો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૯,૧૭,૨૩૨ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં પોલીસે ટેમ્પો ચાલક કૃણાલભાઈ વિષ્ણુભાઈ ખત્રી (૨૧), (રહે. નારાયણ નગર સોસાયટી, પુણા ગામ, સુરત અને મૂળ રહે. રાજસ્થાન) ની ધરપકડ કરી છે.

પૂછપરછમાં તેણે જણાવ્યું હતું કે સુરતના ઉધના ખાતે રહેતા પ્રેમાદાસ મારવાડી નામના ઈસમે નવસારી આગળથી આ દારૂનો જથ્થો ભરાવી આપ્યો હતો અને એક ફેરાના રૂ. ૩૦૦૦ આપવાની લાલચ આપી હતી. પોલીસે પ્રેમાદાસ મારવાડીને વોન્ટેડ જાહેર કરી પલસાણા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## શ્રી શાંતારામ ભટ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ મોતા ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની જન્મ જયંતિની ઉજવણી



**બારડોલી -** ઝવેરચંદ મેઘાણીનું સાહિત્ય આજે પણ આપણને ગુજરાતી સંસ્કૃતિ અને દેશપ્રેમની પ્રેરણા આપે છે. એમની જન્મજયંતિ નિમિતે ધોરણ ૬ અને ૯ ના વિદ્યાર્થી માટે દોહા ગાનની

**કોઈનો લાડકવાયો, કોઈનો દુઃખનો દાસ,**
**કોઈનો શૂરવીર, કોઈનો સાવજ ખાસ.**

સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ એ હોંશભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ બદલ શાળાના આચાર્યા શ્રીમતી દીપિકા બહેન પટેલ તેમજ કેળવણી મંડળના સભ્યો એ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

## કોસંબાની ગીતાંજલી ડેરીમાંથી ૨૬ કિલો અખાદ્ય સામગ્રી મળી:ફૂડ વિભાગે દુકાન સીલ કરી




મોંગરોળ- સુરત જિલ્લાના કોસંબાના તરસાડી વિસ્તારમાં આવેલી ગીતાંજલી ડેરી પર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કાર્યવાહી કરી છે. વિભાગે ડેરીમાંથી ૨૬ કિલોથી વધુ અખાદ્ય સામગ્રી જપ્ત કરીને તેનો નાશ કર્યો હતો. આ ઉપરાંત, ફૂડ સેફ્ટીના નિયમોના ગંભીર ભંગ બદલ ડેરીને તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવી છે. એક જાગૃત નાગરિકની ફરિયાદને પગલે ફૂડ સેફ્ટી ઓફિસર સી.એન.પરમારની ટીમે આ સઘન તપાસ હાથ ધરી હતી.

ફરિયાદમાં રક્ષાબંધન દરમિયાન ખરીદેલા કાજુ કતરીના પેકેટમાંથી ખરાબ વાસ આવતી હોવાનું અને તે વાસી હોવાનું જણાવાયું હતું.

તપાસ દરમિયાન ડેરીમાંથી વાસી, અખાદ્ય અને માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય તેવી ખાદ્ય સામગ્રી મોટા પ્રમાણમાં મળી આવી હતી. વિભાગને અસ્વચ્છ વાતાવરણમાં ખાદ્ય પદાર્થોનું પ્રોસેસિંગ થતું હોવાનું પણ જાણવા મળ્યું હતું. વિભાગ દ્વારા મિક્સ ડ્રાયફ્રૂટ મીઠાઈ, એક્સપાયર્ડ કલર, ફ્લેવર-એસેન્સ, માવા મીઠાઈ અને સોનપાપડી સહિત કુલ ૨૬.૧ કિલોગ્રામ અખાદ્ય જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો, જેની અંદાજિત કિંમત રૂપિયા ૨૪,૦૪૦ થાય છે.

આ તમામ જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. વધુમાં, ડેરીમાંથી કાજુ કતરી અને મેંગો બરફીના એન્ફોર્સમેન્ટ નમૂના પણ લેવામાં આવ્યા છે.

ANILDARBAR
Mo: 97242 60058
DHARMESH PATEL
Mo: 99250 47272
વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...

મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

## નેશનલ હાઈવે-૪૮ પર ૫ વર્ષ જૂના ૨ ઓવરબ્રિજ તોડવાની કામગીરી શરૂ

# કોસંબા નજીક નબળી ગુણવત્તાને કારણે કરોડોનો ખર્ચ નિષ્ફળ; અધિકારીઓ મૌન, સ્થાનિકોમાં રોષ






મોંગરોળ- નેશનલ હાઈવે-૪૮ પર મોંગરોળ તાલુકાના સાવા અને નંદાવ-મહુવેજ પાટિયા ખાતે કરોડોના ખર્ચે બનેલા બે ઓવરબ્રિજ માત્ર પાંચ વર્ષમાં તોડી પાડવામાં આવી રહ્યા છે. આ મામલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા હાલ હાઈડ્રોલિક બ્રેકર મશીનો વડે મહુવેજ અંડરપાસ અને બ્રિજ તોડવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે.

ડિમોલિશનના પગલે નંદાવ બ્રિજના ભરૂચ તરફ જતા મુખ્ય ટ્રેકને બેરિકેડિંગ કરી વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયો છે. ટ્રાફિકને ડાઈવર્ટ કરવા બંને તરફ RCC સર્વિસ રોડ બનાવવામાં આવ્યા છે, પરંતુ હાઈવે પર વાહનોના ભારે ધસારાને કારણે પીક અવર્સમાં સર્વિસ રોડ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ રહી છે અને વાહનોની લાંબી કતારો જોવા મળે છે.

બ્રિજના નિર્માણ બાદ માટી બેસી જતાં પ્રી-કાસ્ટ સ્લેબ ખસવા લાગ્યા હતા. NHAIએ તિરાડો માપવા કાચના ટુકડા લગાવ્યા હતા અને સ્લેબ પકડી રાખવા વાયરોથી એન્કરિંગ તેમજ પોલીયુરેથીન ગ્રાઉટિંગ જેવા પ્રયાસો કર્યા હતા. જોકે, લાખો રૂપિયાના આ તમામ અખતરા નિષ્ફળ જતાં આખરે બ્રિજ જમીનદોસ્ત કરવાની નોબત આવી છે. આ પાંચ વર્ષ જૂનો બ્રિજ તોડવાનો ખર્ચ અને વર્તમાન મોંઘવારીમાં નવો બ્રિજ બનાવવાનો ખર્ચ મળીને સરકારી તિજોરી પર કરોડો રૂપિયાનો વધારાનો બોજ પડશે.

સમગ્ર ઘટનાની તલસ્પર્શી તપાસ કરી નબળી ગુણવત્તાવાળા બાંધકામને મંજૂરી આપનારા તત્કાલીન સુપરવાઈઝિંગ એન્જિનિયરો અને એજન્સી સામે વિજિલન્સ તપાસ કરી ફોજદારી ગુનો નોંધવાની માંગ તેજ બની છે.

## સુરતના કડોદરામાં બૂટલેગરો વચ્ચે ફાયરિંગ અને મારીમારી

**એક યુવકને ગોળી વાગી, ત્રણને ચપ્પુના ઘા; ફરાર આરોપીઓને ઝડપવા પોલીસની કાર્યવાહી**




બારડોલી સુરત જિલ્લાના કડોદરા વિસ્તારમાં આવેલી તિરુપતિ સોસાયટીની નહેર પાસે ગત રાત્રે ૧૨:૩૦ વાગ્યે જૂની અદાવતમાં બૂટલેગરોના બે જૂથો વચ્ચે લોહીયાળ અથડામણ થઈ હતી. ચપ્પુ અને બંદૂક જેવા ઘાતક હથિયારો વડે થયેલા હુમલામાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે. કડોદરા પોલીસે બંને પક્ષો સામે ક્રોસ ફરિયાદ નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

ગત રાત્રે અંદાજે ૧૨:૩૦ વાગ્યે તિરુપતિ સોસાયટીની નહેર પાસે બૂટલેગરોના બે જૂથો સામસામે આવી ગયા હતા. અગાઉની તકરારને કારણે બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારપીટ શરૂ થઈ હતી. આ જૂથોમાં એક તરફ અજય યાદવ ઉર્ફે અજય બાદશાહ હતો. બીજા જૂથમાં સાહિલ મકવાણા અને નયન પાટીલ સામેલ હતા. સમગ્ર ઘટના દરમિયાન ઘાતક હથિયારોનો ખુલ્લેઆમ ઉપયોગ થયો હતો.

તકરાર વધતા અજય યાદવ, કાલુ ઉર્ફે સંતોષ જયસવાલ અને અખિલેશ ઉર્ફે પિંકેશ શુક્લાએ નયન પાટીલ પર હુમલો કર્યો હતો. આ દરમિયાન અખિલેશે પોતાની બંદૂકમાંથી ફાયરિંગ કરતા નયન પાટીલના પગમાં ગોળી વાગી હતી. આ અથડામણમાં સામા પક્ષે અજય બાદશાહ અને કાલુને પણ ચપ્પુના ઘા વાગ્યા હતા.

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી

બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

૨૯ મી પુણ્યતિથી
ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

સ્વ. કિશનસિંહ ખુશાલસિંહ મેઘાત
સ્વ. તા. ૦૨/૦૯/૧૯૯૯ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે.
હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
જયેન્દ્રસિંહ કિશનસિંહ મેઘાત
નયનાબેન જયેન્દ્રસિંહ મેઘાત
સ્વાતિબેન પ્રશાંતસિંહ દોડીયા
પ્રશાંતસિંહ પ્રવિણસિંહ દોડીયા
હિરેનકુમાર જયેન્દ્રસિંહ મેઘાત
ધારવીબેન હિરેનકુમાર મેઘાત
ચિ.ઓમકાર ચિ.દત્તરાજ
તથા સમસ્ત મેઘાત પરિવાર
ગામ- અલુરા, તા. કામરેજ, જી.સુરત


કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)